જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૪/૨૦૨૩ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૮૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૫૦૮ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૦ બીયરટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૮૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૫૮૯/૨૦૨૩

**નરોડાઃ** ભાવિનભાઇ મનસુખલાલ બુધ્ધદેવ (ઉ.વ.૬૦)(રહે.વૈકુઠવિહાર સોસાયટી, ગેલેક્ષી સિનેમા સામે નરોડા) એ તા.૦૭/૦૪/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૯/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નરોડા જી.આઇ.ડી.સી. ફેઝ-૨ પ્રવિણ ડાય કેમ ઇંડસ્ટ્રીઝ તથા ઘોડાસર ચાર રસ્તા કેનસાસ કોમ્પલેક્ષ શ્રીનાથ એંટરપ્રાઇઝ ખાતે આરોપી (૧) શીવલાલ હરપાલભાઇ જાટ (રહે. શ્રીનાથ એંટરપ્રાઇઝ, કેનસાસ કોમ્પલેક્ષ ઘોડાસર ચાર રસ્તા. મુળ રહે. લપસીયા રેલમાર્ગ રાજસમંદ રાજસ્થાન) અને (૨) જીતેન્દ્ર લુણકરણજી માલી (રહે. ગાંધીપુરા, વાનરચોક, બાલોતરા બાડમેર રાજસ્થાન) એ ભેગામળી ભાવિનભાઇ પાસેથી કાપડના કલરનો માલ ખરીદ કરી તે પેટે ચુકવવાના બાકી રૂપિયા ૧૪,૧૬,૦૦૦/- ભાવિનભાઇને નહી ચુકવી વિશ્ર્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ    સમાચાર યાદી નં.૫૯૦/૨૦૨૩

ખોખરાઃ સુરજભાઇ નરોતમદાસ ગુપ્તા (ઉ.વ.૩૪)(રહે.રામજી મંદિરની ચાલી સપ્તઋષીનો આરો બહેરામપુરા)એ તા.૦૭/૦૪/૨૦૨૩ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૩/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ખોખરા ઓશીયા હાયર માર્ટની સામે રોડ ઉપર મોટર સાયકલ ચલાવી આવેલ અજાણ્યો પુરૂષ સુરજભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

**રામોલઃ** પુનમકૌર વા/ઓ જસપાલસીંગ ખાલસા (ઉ.વ.૩૩)(રહે.રાજશ્રી હાઇટ્સ ભારવી ટાવર પાસે સી.ટી.એમ)એ તા.૦૭/૦૪/૨૦૨૩ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે સી.ટી.એમ. ચાર રસ્તા નિધિ બેંક આગળ સર્વિસ રોડ ઉપર એક ટુ વ્હીલર ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ પુનમકૌરના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

## આત્મહત્યાઃ-    સમાચાર યાદી નં.૫૯૧/૨૦૨૩

**નારોલઃ** શૈલેશભાઇ લાખાભાઇ રાઠોડ (ઉ.વ.૩૯)(રહે.શિવમપાર્ક સોસાયટી, જી.ઇ.બી.સ્ટેશનની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૪/૨૦૨૩ રાતના ૯/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે લગાડેલ લોખંડના હુકમાં દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

**ગોમતીપુરઃ** રમેશભાઇ શકરાભાઇ મહેરીયા (ઉ.વ.૬૦)(રહે.રણછોડ પરાગની ચાલી ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતકુમાર રામાભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** (૧) વિનુભાઈ સોમાભાઈ કાપડીયા (ઉ.વ.૫૩)(રહે.ગૌતમનગર સોસાયટી મ્યુનિ. કન્યા શાળાની બાજુમાં બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૪/૨૦૨૩ રાતના ૧૧/૩૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે જમાલપુર અટલબ્રીજ નીચે ગુજરી બજાર પાછળ રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ મનજીભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** (૨) બ્રીજેશભાઇ તુલસીભાઈ મારૂ (ઉ.વ.૧૭)(રહે.શીતલનગર લાઈન નંબર-૦૭ બળીયાનગરની સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૪/૨૦૨૩ રાતના ૧૦/૩૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે એલીસબ્રીજ પાસે રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૦૮ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ મનજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી